રજુ તારીખ : ૧૮.૦૬.૨૦૨૬
દાખલ તારીખ : ૧૮.૦૬.૨૦૨૬
નિકાલ તારીખ : ૦૬.૦૭.૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૧૮

**મહીસાગરનાં મહેરબાન સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ. લુણાવાડા, જી. મહીસાગર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૩૮૯/૨૦૨૬**

**આંક : ૦૭**

**અરજદાર :- વિક્રમસિંહ ભવાનસિંહ પરમાર,**
ઉ.વ.આ.૫૪, ધર્મે : નોકરી,
રહે. જેસોલા તલાટી ફળીયુ,
તા.કોઠંબા, (જી.મહીસાગર),
હાલ રહે. : ૦૬, ભાગ્યલક્ષ્મી સોસાયટી,
નાલંદા સ્કૂલ પાસે, મુ.તા.ગોધરા,
(જી.પંચમહાલ),
હાલ : સબ જેલ, સંતરામપુર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :- ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**બાબત :- ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી...**

અરજદાર તરફે વિ.વ.**શ્રી વી. એલ. સંભવાણી**
સામાવાળા તરફે વિ. પી.પી. **શ્રી એસ. આર. ડામોર**

**-:: ઠ રા વ ::-**

(૧) સદર અરજદાર સાઈબર ક્રાઈમ જી. મહીસાગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૧૨૨૬૦૦૦૪/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૩૧૮(૪), ૩૧૯(૨) તથા આઇ.ટી.એમેન્ડમેન્ટ એકટ સને-૨૦૦૮ ની કલમ-૬૬(ડી) નાં ગુનામાં જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, ભારતીય નાગરિક

સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ અરજદાર તરફે હાલની રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજીની વિગત એવી છે કે, સદર ગુનો તા.૦૫.૦૬.૨૦૨૬ નાં રોજ નોંધાતા, અરજદારને તા.૦૮.૦૬.૨૦૨૬ નાં રોજ અટક કરી, તા.૦૯.૦૬.૨૦૨૬ નાં રોજ લુણાવાડાનાં ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં રજુ કરવામાં આવેલ અને તા.૧૨.૦૬.૨૦૨૬ સુધીનાં રીમાન્ડ આપવામાં આવેલ, ત્યારબાદથી અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે. ત્યારબાદ અરજદાર તરફે તે જ કોર્ટમાં ક્રિ.પ.અ.નં.૨૪૮/૨૦૨૬ થી જામીન અરજી દાખલ કરેલ, જે અરજી તા.૧૬.૦૬.૨૦૨૬ નાં રોજ નામંજૂર થતા, અરજદાર તરફે હાલની રેગ્યુલર જામીન મેળવવા માટેની આ ત્રીજી વખતની અરજી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૩) અરજદારનાં વિ.વ.શ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, અરજદારની તા.૦૮.૦૬.૨૦૨૬ નાં રોજ અટક કરવામાં આવેલ અને તા.૧૨.૦૬.૨૦૨૬ સુધીનાં રીમાન્ડ આપવામાં આવેલ અને ત્રણ દિવસનાં રીમાન્ડ દરમિયાન પોલીસે કોઇ માંગણી કરી નથી. નામ. નીચેની અદાલતે અરજદારની જામીન અરજી નામંજૂર કરેલ. હાલનાં ગુનાની એફ.આઇ.આર. માં અરજદારનું નામ નથી. અરજદાર સ્કૂલનાં આચાર્ય છે. અરજદારનાં ખાતાનો દુરુપયોગ થયાનો અરજદાર સામે આક્ષેપ છે. અરજદાર પાસેથી સ્કૂલમાં ડોનેશનનાં આપવાનાં મુદ્દે ખાતા નંબર માંગવામાં આવેલ. અરજદારને ક્યા ખાતામાંથી કોણે રકમ આપી, કોણે રકમ વિથડ્રો કરી, તેની જાણ નથી. હાલનાં ગુનાની ફરિયાદ પોલીસે કરેલ છે, જે બાબતે અરજદારને જાણ થતા અરજદારે પોલીસને અરજી આપેલ. અરજદારનાં ખાતામાં પૈસા આવ્યા તે અરજદારે વિથડ્રો કરેલ નથી, અરજદારે કોઇ ઠગાઇ કરેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, હાલનાં ગુનામાં સજાની જોગવાઈ જોવામાં આવે તો, મહત્તમ ૭ વર્ષની સજાની જોગવાઈ છે. સદર કામે ફ્રોડ થયા બાબતની થતા અરજદારે મુખ્યમંત્રી તથા પોલીસ અધિક્ષકને ગુના બાબતે જાણ કરતો પત્ર લખેલ, જેની નકલ નિ.૩/૪ અને ૩/૫ થી હાલનાં કામે રજુ રાખેલ છે. અરજદાર દ્વારા સરકાર શ્રીને જાણ કરેલ હોવાના અનુસંધાને સરકાર શ્રી તરફથી પોલીસ અધિક્ષક, મહીસાગરને કાર્યવાહી કરવા પત્ર લખેલ, જેની નકલ નિ.૩/૬ થી રજુ રાખેલ છે. અરજદારે પોતાની ફરિયાદ/અરજીમાં જે નામો આપેલા છે, તેઓના નામે હાલની ફરિયાદમાં દાખલ કરવામાં આવેલ નથી. અરજદારે પોલીસ અધિક્ષકને ફરિયાદ આપેલ હોવા છતાં અરજદારને હાલનાં ગુનાનાં કામે આરોપી બનાવવામાં આવેલ છે. પોલીસ હાલની ફરિયાદ તા.૦૫.૦૬.૨૦૨૬ નાં રોજ દાખલ કરેલ. અરજદારે બેંકને પણ પત્ર લખેલ છે. અરજદારે નામ. ગુજરાત હાઇકોર્ટમાં પણ સ્પે.ક્રિ.અ.નં.૭૪૭૧/૨૦૨૬ દાખલ કરેલ, જેની નકલ નિ.૩/૮ થી રજુ રાખેલ છે. સદર ગુનામાં સંકળાયેલ બેંકખાતાની ચેકબુક, એટીએમ કાર્ડ અરજદાર પાસે છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદારને કાલ્પનિક રીતે ફરિયાદવાળા બનાવમાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર તદ્દન નિર્દોષ છે. હાલનાં ગુના લગાવેલ બી.એન.એસ. ની કલમ–૩૧૮(૪), ૩૧૯(૨) તથા આઇ.ટી. એકટની કલમ–૬૬(ડી) મુજબનાં આવશ્યક તત્વો સંતોષાતા નથી. અરજદાર પોતે ભોગબનનાર છે, તેમજ હાલનો બનાવ તા.૩૦.૧૦.૨૦૨૫ થી તા.૧૩.૧૧.૨૦૨૫ સુધીનો બતાવેલ છે અને ફરિયાદ તા.૦૫.૦૬.૨૦૨૬ નાં રોજ સાત માસ બાદ વિલંબથી દાખલ કરી, હાલનાં ગુનાની તપાસનાં કામે ખોટી રીતે સંડોવેલ છે, અરજદારે આવો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર ધી નવજીવન માધ્યમિક હાઇસ્કૂલ સાંપા, તા.ગોધરા ખાતે છેલ્લા પચ્ચીસ વર્ષથી આચાર્ય તરીકે ફરજ બજાવે છે.

વધુમાં જણાવેલ છે કે, ગઇ દિવાળી પહેલા ચારેક જેટલા ઇસમો સ્કૂલે આવેલ અને તેઓ અમદાવાદ અને રાજકોટથી આવેલ હોવાનું જણાવેલ તથા તેમાં લક્ષ્મણભાઇ ભાટી નાઓએ જણાવેલ કે, અમારે મોટી મોટી કંપનીઓ સાથે કોન્ટેક્ટ છે, તે કંપનીઓ તમારી શૈક્ષણિક સંસ્થાઓમાં ભૌતિક સુવિધાઓ માટે દાન આપી શકે તેમ છે, જેથી શાળાનો વિકાસ થઇ શકે તેમ છે, તો તમારી સંસ્થાનું ખાતુ અમોને આપો, તેવી વાત કરેલ. જેથી અરજદારે શાળાનું બેંક ઓફ બરોડાનું, ગાંધી ચોક શાખાનો ખાતા નંબર અને આઇએફએસસી કડ આપેલ અને તે લઇને તેઓ જતા રહેલ. બે દિવસ બાદ અરજદારનાં મોબાઇલ પર ફોન આવેલ અને જણાવેલ કે, હું લક્ષ્મણ ભાટી બોલું છું અને તમારૂ આ બેંક ઓફ બરોડાનું ખાતું ડોનેશન આપવા માટે ચાલશે નહીં તો તમો અમને તમારુ બીજુ પ્રાઇવેટ બેન્કનું ખાતું આપો તેવી વાત કરેલી તેથી અરજદાને તેમના કહેવા મુજબ રૂબરૂમાં આવેલ વિજયભાઈ ઠાકોર તથા લક્ષ્મણભાઈ ભાટીને એક્સીસ બેંક, ગોધરાના મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝનો ખાતા નંબર તથા આઈએસએફસી કોડ આપેલ હતો અને તે બાદ તા.૦૬.૧૧.૨૦૨૫ ના રોજ અરજદાર ઉપર ફોન આવેલ હતો અને જણાવેલ કે, લક્ષ્મણભાઈ તથા અમો તમારે ત્યાં આવેલ હતાં તે વાત કરૂ છું. તમારા ખાતામાં જે ફંડ આવવાનું હતું તે આવી ગયેલ છે તેવી વાત કરેલ અને તેમના કહેવા મુજબ અરજદાર થલતેજ ગયેલ ત્યાં લક્ષ્મણભાઈ ભાટી તથા વિજયભાઈ ઠાકોર તથા તેઓની સાથે બીજા બે માણસો હતાં, જેના નામઠામ ની અમોને ખબર નથી તેઓએ અમારી પાસે બે ચેક લઈ લીધેલ અને તેમાં એકમાં SAK/CASH WDL/SAK460589253/2998/THALTEJ A/SELF થી રૂા.૧,૨૮,૦૦૦/- તથા બીજા ચેકમાં SAK/CASH WDL/SAK 460601614/2998/THALTEJ A/SELF થી રૂા.૨,૨૫,૦૦૦/- હતાં, જે નાણા તેઓએ ઉપાડી લીધેલ. આ નાણામાંથી અરજદારને કે તેઓની શાળાને કોઈ ડોનેશન આપેલ નહીં અને તેઓએ જણાવેલ કે, હવે પછી તમારા ખાતામાં ડોનેશનનાં પૈસા આવશે તેવી વાત કરી બધા જતા રહેલ અને

અરજદાર પોતાના ઘરે આવી ગયેલ તે બાદ અરજદારને ૪૪૭૭૪૨૨૯૧૫૪૦ પરથી ફોન આવેલ હતો અને જણાવેલ કે 'આપને જો એકાઉન્ટ હમકો દિયા હે ઉસમેં આપકી સ્કૂલ કા ડોનેશન અબ જમા હો જાયેગા' તેવી વાત કરેલ.

વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ અરજદારને તેમની એક્સીસ બેંક, ગોધરાનાં મેનેજરનો ફોન આવેલ હતો અને જણાવેલ કે, તમારા ખાતામાં ફ્રોડની રકમ આવેલ છે તેથી ખાતું ફ્રીઝ થયેલ છે. તેથી અરજદારે લક્ષ્મણભાઈ ભાટી તથા વિજયભાઈ ઠાકોરને આ બાબતે પૂછપરછ કરવા ફોન કરેલા, પરંતુ તેઓના ફોન બંધ આવતા હોય, અરજદારનું બેંક ખાતું હેક કરેલ હોય, અરજદારને તેઓની સાથે છેતરપીંડી અને ઠગાઈ થયેલ હોય, અરજદારે તા.૧૬.૦૧.૨૦૨૬ નાં રોજ તથા તા.૨૭.૦૧.૨૦૨૬ ના રોજ તમામ વિગતો સાથે ગુજરાત રાજ્યનાં માનનીય મુખ્યમંત્રીશ્રી તથા ગૃહમંત્રીશ્રી નાઓને આ બાબતે તપાસ થવા સારૂ લેખિતમાં જાણ કરેલ અને તેની નકલ પોલીસ અધિક્ષક, ગોધરાને તથા પો.ઇન્સ.શ્રી, ગ્રામ્ય ગોધરાને તથા મેનેજર શ્રી, એક્સીસ બેંક, ગોધરાને લેખિતમાં જાણ કરેલ અને ગુજરાત સરકારનાં ગૃહ વિભાગ દ્વારા મહીસાગરનાં પોલીસ અધિક્ષકને આ બાબતે તપાસ કરવા જણાવેલ હોવાનું અરજદારને જવાબથી જણાવેલ. આ બાબતે કોઈ તપાસ ન થતા અરજદારે તા.૧૦.૦૪.૨૦૨૬ ના રોજ પોલીસ અધિક્ષક, ગોધરાને તથા પો.ઇન્સ. શ્રી, ગ્રામ્ય ગોધરાને લેખિત ફરિયાદ આપેલ, તેમ છતાં કાયદેસરની કોઈ ફરિયાદ દાખલ કરેલ નહીં અને તેથી અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં આ બાબતે તપાસ થવા સારૂ ફરિયાદ દાખલ કરવા માટે સ્પે.ક્રિ.અ.નં. ૭૪૭૧/૨૦૨૬ ની દાખલ કરેલ છે અને તેમ છતાં સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન મહીસાગર-લુણાવાડા દ્વારા અરજદારને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. અરજદારની પોલીસ રિમાન્ડ દરમિયાન કાગળોમાં બારોબાર સહીઓ લઈ અરજદારની અરજી ફાઈલ કરી દીધેલ હોવાનું અરજદારને લેખિતમાં જણાવેલ છે. આમ અરજદાર સદર કામમાં ભોગબનનાર હોવા છતાં અરજદારની અરજીઓ કે લેખિત ફરિયાદ બાબતે

કોઇ પણ જાતની તપાસ કર્યા સિવાય અરજદારને ખોટી રીતે આરોપી બનાવી દીધેલ છે, અરજદારે કોઇ આર્થિક લાભ લીધેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, હાલનાં ગુનાની પોલીસ તપાસનાં કામે અરજદારની પોલીસ કસ્ટડીની જરૂરિયાત નથી. અરજદાર સામેનો હાલનો ગુનો જયુડી. મેજી. ફ.ક. શ્રી ચલાવી શકે તેવો છે. હાલનાં ગુનાનો કેસ ચાલતાં લાંબો સમય નીકળી જાય તેમ હોય, જો અરજદારોને જેલમાં મૂકી રાખવામાં આવે તો પ્રિટ્રાયલ કન્વીકશન ગણાશે. અરજદાર નામ. કોર્ટની હકુમતનાં કાયમી રહેવાસી છે, આચાર્ય તરીકે નોકરી કરતા હોય, પરિવારવાળા છે, ક્યાંય નાસી-ભાગી જાય તેવા નથી. અરજદારને ડાયાબીટીસ અને બ્લડ પ્રેશરની બિમારી છે, અરજદારને પ્રોસ્ટેટનું ઓપરેશન કરાવેલ હોય, નિયમિત દવા-સારવારની જરૂર પડે છે. અરજદાર નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે. જો અરજદારને લાંબો સમય જેલમાં રાખવામાં આવે તો અરજદારનાં સામાજિક મોભાને અસર થાય તેમ છે. અરજદાર સ્કૂલનાં આચાર્ય છે, ૧૫૦૦ જેટલા વિદ્યાર્થી તેમજ ૪૫-૫૦ નો સ્ટાફ સ્કૂલમાં છે, અરજદાર પ્રતિષ્ઠિત વ્યક્તિ છે, જો અરજદારને જેલમાં રહેવાનું થાય તો સમાજમાં ખોટો સંદેશ જાય તેમ છે. 'જામીન એ નિયમ અને જેલ એ અપવાદ' નાં સિદ્ધાંતને ધ્યાને લઇ અરજદારને જામીન ઉપર મુક્ત કરવા અરજ કરેલ છે.

(૪) જામીન અરજીનો વિરોધ કરતાં વિદ્વાન પી.પી.શ્રી એસ.આર.ડામોર નાઓએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર શાળામાં નોકરી કરે છે. સદર ગુનામાં વપરાયેલ ખાતુ નવજીવન ટ્રસ્ટ નામનું હતું. સદર ખાતુ ત્રણ વ્યક્તિનાં OTP થી ઓપરેટ થતું હતું. સદર ગુનામાં અન્ય સહઆરોપીઓએ અરજદારને ૨૫% કમિશન આપશે તેમ જણાવેલ. હાલનાં ગુનાનાં અન્ય સહઆરોપી રાજેશ સોનીએ ખાતુ પાછુ આપેલ. ત્યારબાદ અરજદારે પોતે નવું ખાતુ પોતાના એકલાનાં નામે 'શ્રી મહાલક્ષ્મી

એન્ટરપ્રાઇઝ' નામનું ખોલાવેલ, જેનું વાર્ષિક ટર્ન ઓવર ૬૦ કરોડ જેટલું હતું અને તેમાં કરિયાણાનો ધંધો દર્શાવેલ. ફ્રોડ કરનાર કોઈ પણ વ્યક્તિ મહત્તમ મર્યાદા રખાવતા હોય છે. તા.૧૨.૦૯.૨૦૨૫ નાં રોજ શૂન્ય (૦) ફન્ડીંગથી ખાતુ ખોલાવેલ અને તા.૩૦.૧૦.૨૦૨૫ સુધી કોઇ રકમની આવક–જાવક થયેલ નથી. તા.૦૧.૦૧.૨૦૧૮ નાં રોજ શ્રી મહાલક્ષ્મી એન્ટરપ્રાઇઝ ખોલાવેલ, પરંતુ બેંક ખાતુ ખોલાવેલ નથી, તેમાં કોઇ નાણાકીય વ્યવહાર કરેલ ન હતાં. તા.૧૨.૦૯.૨૦૨૫ નાં રોજ પ્રથમવાર ખાતુ ખોલાવેલ અને ત્યારબાદ તા.૩૦.૧૦.૨૦૨૫ થી તા.૧૩.૧૧.૨૦૨૫ સુધીમાં સદર ખાતામાં રૂા.૮૨,૯૫,૩૮૯/– જમા થયેલ અને કુલ રૂા.૧,૩૬,૨૬,૧૯૬/– નાં ટ્રાન્ઝેકશન થયેલ. અરજદારે ગોધરાથી અમદાવાદ ખાતે થલતેજ શાખામાં જઈ, જે રકમ જમા થઈ તેના કમિશન પેટે રૂા.૧,૨૮,૦૦૦/– તથા રૂા.૨,૨૫,૦૦૦/– નાં સેલ્ફનાં ચેકથી રકમ ખાતેથી ઉપાડેલ. અરજદાર આચાર્ય છે, પરંતુ અરજદારે સરકાર તથા અન્યને લખેલ પત્રો જોવામાં આવે તો, તેમાં અરજદારે પોતાનો હોદ્દો ખેતીવાડી, પશુપાલન, સહકાર અને નાની સિંચાઇ વિભાગ, જિલ્લા પંચાયત, મહીસાગર–લુણાવાડાનાં ચેરમેન તરીકે દર્શાવેલ છે. અરજદાર તરફે રજુ કરવામાં આવેલ નિ.૩/૪ જોવામાં આવે તો, અરજદારની રજુઆત શાળાનાં વિકાસ માટે ફંડ મેળવવા જણાવેલ છે, પરંતુ શાળાનાં વિકાસ માટે કોઈ રકમ વાપરેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, કોઈ પણનાં ખાતામાં જમા થયેલ રકમની જાણ મેસેજથી થાય છે. હાલનાં ગુનામાં ૮૯ લાખ જેટલી રકમ જમા અરજદારનાં ખાતામાં જમા થાય તો અરજદારને મેસેજ આવે અને જો મોબાઇલ સીમ રાજેશ સોનીને આપેલ હોય તો અરજદારનો પણ ગુનાહિત કાવતરામાં ભાગ ગણાય. અરજદારે લખેલ પત્રો મુજબ, બે–ત્રણ દિવસ બાદ અરજદારને અન્ય આરોપીઓએ સંપર્ક કરેલ અને થલતેજ ટેકરા એક્સીસ બેંક બોલાવેલ હોવાનું તથા રૂા.૩,૫૩,૦૦૦/– ની રકમ બે ચેકથી ઉપાડી લીધેલ હોવાનું જણાવેલ છે. જો ખરેખર શાળાની ભૌતિક સુવિધા માટે ફંડ

લેવાનું હોય તો સીધુ શાળાનાં ટ્રસ્ટનાં ખાતામાં જ લઈ શકે. અરજદારે સદર ખાતુ ફ્રીઝ થયા બાદ ફરિયાદ આપેલ છે. અરજદાર તરફે નિ.૩/૭ થી રજુ થયેલ ફરિયાદમાં અરજદારે લક્ષ્મણ ભાટી તથા અન્ય ત્રણ વ્યક્તિઓને આરોપી તરીકે દર્શાવેલ છે તથા તેઓના ફોન નંબર આપેલા છે. અરજદારે પોતે હાલનાં ગુનામાં પ્રત્યક્ષ ભાગ ભજવેલ હોવા છતાં અન્ય વ્યક્તિઓ ઉપર દોષ મઢી રહ્યા છે. હાલની અરજી અનુસંધાને ત.ક.અમલદાર દ્વારા રજુ કરેલ સોગંદનામાનાં પારા-૩૪/૭ માં જોતાં જણાય આવે છે કે, અરજદારે અન્ય આરોપી રાજેશ સોની સાથે કુલ ૩૦૧ વખત કોન્ટેક્ટ કરેલ છે. રાજેશ સોની અમદાવાદનાં વતની છે અને અરજદાર ગોધરાનાં વતની છે. અરજદારનાં પોતાના બેંક ખાતામાં કુલ રૂ.૧,૩૬,૨૬,૧૯૬/- જેટલી ફ્રોડની રકમની હેરફેર થયેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર ધી નવજીવન માધ્યમિક હાઈસ્કૂલ, સાંપા તા.ગોધરા ખાતે છેલ્લા ૨૫ વર્ષથી આચાર્ય તરીકે ફરજ બજાવે છે તથા નવજીવન ટ્રસ્ટનાં ટ્રસ્ટી છે. સને ૨૦૨૫ નાં વર્ષમાં દિવાળી પહેલાં આરોપીને રાજેશભાઈ સોની તથા લક્ષ્મણભાઈ કુમાવત નાઓએ સ્કૂલને ડોનેશન અપાવવાના બહાને સંપર્ક કરી, ખાતામાં જમા થનાર રકમનાં ૨૫% ડોનેશન પેટે રાખી બાકીની ૭૫% રકમ રોકડમાં કંપનીને પરત આપવાની મીટીંગ કરેલ. તે મુજબ અરજદાર/આરોપીએ પોતાના નામે એક્સીસ બેંક, ગોધરા શાખા ખાતે 'શ્રી મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝ' નામે કરંટ એકાઉન્ટ ખોલાવી, તેની કીટ તથા એકાઉન્ટ સાથે લીંક મોબાઈલ નંબરનું સિમકાર્ડ રાજેશભાઈ સોનીને આપી દઈ એકાઉન્ટનો ઓનલાઈન એક્સેસ આપેલ. Account Opening Form (AOF) ની વિગતો મુજબ 'શ્રી મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝ' ફર્મ તા.૦૧.૦૧.૨૦૧૮ થી અસ્તિત્વ ધરાવતી હોય, પરંતુ સદર એક્સીસ બેંક કરંટ એકાઉન્ટ તા.૧૨.૦૯.૨૦૨૫ નાં રોજ Nil Funding થી ખોલાવેલ છે. બેંક સ્ટેટમેન્ટ મુજબ એકાઉન્ટ ખોલાવ્યા બાદ તા.૩૦.૧૦.૨૦૨૫ સુધી તે dormant રહેલ અને ત્યાર બાદ સીધા જ સાઈબર ફ્રોડના નાણાની મોટાપાયે

હેરફેર શરૂ થયેલ. જેથી સ્પષ્ટ થાય છે કે સદર એકાઉન્ટ ફક્ત સાઈબર ફ્રોડનાં નાણા સગેવગે કરવાના પૂર્વયોજિત ઈરાદાથી જ ખોલાવવામા આવેલ હતું. વધુમા, AOF માં આરોપીએ વાર્ષિક ટર્નઓવર રૂ.૬૦,૦૦,૦૦,૦૦૦/- જેવુ દર્શાવેલ છે, જે ઘોષિત ધંધાના સ્વરૂપ (કરિયાણા/Food Grains Trading - Sole Proprietorship) સાથે અસંગત તથા શંકાસ્પદ છે. અરજદાર/આરોપીએ પોતે તા.૦૬.૧૧.૨૦૨૫ નાં રોજ એક્સીસ બેંક, થલતેજ બ્રાંચ, અમદાવાદ ખાતે જઇ બે ચેક મારફતે (રૂ.૧,૨૮,૦૦૦/- તથા રૂ.૨,૨૫,૦૦૦/-) કુલ રૂ.૩,૫૩,૦૦૦/- રોકડા કમિશન પેટે ઉપાડી લીધેલ, જે હકીકત આરોપીનાં પોતાના નિવેદનો તથા બેંક સ્ટેટમેન્ટ દ્વારા સમર્થન પામે છે. આ રીતે અરજદાર/આરોપીએ જાણી જોઇને પોતાના બેંક ખાતાનો સાઈબર ફ્રોડનાં નાણા સગેવગે કરવા (Layering) સારૂ ઉપયોગ થવા દઈ, ભારતનાં અલગ અલગ રાજ્યનાં ભોગબનનાર પાસેથી છેતરપીંડી કરી મેળવેલ કુલ રૂ.૮૨,૯૫,૩૮૯/- ઉપરોક્ત ખાતામાં જમા કરાવી, પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે નાણાકીય લાભ મેળવી ગુનો કરેલ છે. ઉપરોક્ત ખાતામાં સ્ટેટમેન્ટ સમયગાળા દરમિયાન કુલ આશરે રૂ.૧,૩૬,૨૬,૧૯૬/- જેટલી રકમની હેરફેર (turnover) થયેલ છે. આમ, અરજદાર વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ છે, જેથી અરજદારની હાલની જામીન અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૫) બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો ધ્યાને લીધી. અરજદારની અરજી તથા તે સાથેનાં દસ્તાવેજી પુરાવા, ત.ક.અમલદારનું સોગંદનામુ આંક-૪ તથા અન્ય તપાસનાં કાગળો વંચાણે લીધાં.

(૭) આ કામે પોલીસ તપાસનાં કાગળો, અન્ય દસ્તાવેજો વંચાણે લેતા, આ કામનાં અરજદારની સાઈબર ક્રાઈમ જી. મહીસાગર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૧૨૨૬૦૦૦૪/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ-૩૧૮(૪), ૩૧૯(૨) તથા આઇ.ટી.એમેન્ડમેન્ટ એકટ સને-૨૦૦૮ ની

કલમ–૬૬(ડી) મુજબનાં ગુનાનાં કામે પોલીસે તા.૦૮.૦૬.૨૦૨૬ નાં રોજ અટક કરેલ છે. અરજદાર તરફે મુખ્યત્વે કરેલ રજુઆતો ધ્યાને લેતાં, ૭ માસનાં વિલંબ બાદ ફરિયાદ દાખલ કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ સદર ગુનો સાઈબર ક્રાઇમનો છે, તેમજ અરજદારનું ખાતુ શંકાસ્પદ હોવાનું જણાતું હોય ભારતનાં અલગ અલગ રાજ્યોમાંથી અરજદારનાં સદર ખાતા અંગે કુલ–૨૭ ફરિયાદો થયેલ હોવાનું જણાય આવતાં, પો.સ.ઈ., સાઈબર ક્રાઈમ પોછીસ સ્ટેશન નાઓએ તા.૦૫.૦૬.૨૦૨૬ નાં રોજ અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ફરિયાદ આપેલી છે અને સદર ગુનાનો સમયગાળો તા.૩૦.૧૦.૨૦૨૫ થી ૧૩.૧૧.૨૦૨૫ દર્શાવેલો છે. આથી સદર ૭ માસનાં વિલંબ બાદ ફરિયાદ આપેલ હોવા બાબતની દલીલો હાલ જામીન અરજીનાં તબક્કે ઉપરોક્ત કારણોસર ગ્રાહ્ય રાખી શકાય નહીં.

અરજદાર તરફે રજુઆત કરેલ છે કે, અરજદાર નવજીવન માધ્યમિક હાઈસ્કૂલ, સાંપા, તા.ગોધરા ખાતે છેલ્લાં ૨૫ વર્ષથી આચાર્ય તરીકે ફરજ બજાવતા હોય, ચારેક અજાણયા ઈસમો શાળા ખાતે આવેલ અને મોટી મોટી કંપનીઓ સાથે તેઓને કોન્ટેક્ટ છે, જેથી તમારી શૈક્ષણિક સંસ્થામાં ભૌતિક દાન આપી શકે તેમ હોય, સંસ્થાનું ખાતુ આપવા વાત કરેલી અને જેથી અરજદારે શાળાનું બેંક ઓફ બરોડાનાં ખાતા નંબર, આઈએફએસસી કોડ આપેલો. ત્યારબાદ લક્ષ્મણભાઈ ભાટી નાઓ બોલેછે તેવો ફોન આવેલ અને પ્રાઈવેટ બેંક ખાતુ આપવા જણાવેલ, જેથી અરજદારે પોતાના શ્રી મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝનાં ખાતા નંબર તથા આઈએફએસસી કોડ આપેલ. ત્યારબાદ તા.૦૬.૧૧.૨૦૨૫ નાં રોજ લક્ષ્મણભાઈ ભાટી તથા વિજયભાઈ ઠાકોર તથા બીજા બે માણસો નાઓએ અરજદાર પાસેથી ૨ ચેક અનુક્રમે રૂા.૧,૨૮,૦૦૦/– તથા રૂા.૨,૨૫,૦૦૦/– નાં થલતેજ મુકામે બોલાવી લઈ લીધા અને નાણા ઉપાડી લીધેલ અને શાળા માટે કોઈ ડોનેશન આપેલ નહીં. તેમજ ખાતામાં ડોનેશનનાં પૈસા આવશે તેવી વાત કરેલ. ત્યારબાદ એક્સીસ બેંક, ગોધરાનાં મેનેજર દ્વારા ફ્રોડની રકમ આવેલ છે તેથા ખાતુ ફ્રીઝ

થયેલ હોવાની જાણ થયેલ. જેથી અરજદારે લક્ષ્મણભાઇ ભાટી તથા વિજયભાઇ ઠાકોરને પૂછપરછ કરવા ફોન કરેલ, પરંતુ તેઓનો ફોન બંધ આવતાં, અરજદારને પોતાની સાથે છેતરપીંડી અને ઠગાઇ થયેલ હોવાનું જાણતા, અરજદારે તા.૧૬.૦૧.૨૦૨૬ તથા તા.૨૭.૦૧.૨૦૨૬ નાં રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી, ગૃહમંત્રીશ્રીને લેખિત જાણ કરેલઅને તેની નકલ પોલીસ અધિકારી તથા બેંક મેનેજરને મોકલી આપેલ. જે નકલ અરજદાર તરફે નિ.૩/૪ અને ૩/૫ થી રજુ કરેલ છે. તેમજ નિ.૩/૬ થી ગૃહ વિભાગ દ્ધારા પોલીસ અધિક્ષક, મહીસાગરને લખેલ પત્રની નકલ રજુ થયેલ છે. જે તમામ હકીકતો જોતાં, અરજદારે સરકારશ્રીને સદર શ્રી મહાલક્ષ્મી એન્ટરપ્રાઇઝનાં ખાતનો ઉપયોગ કરી સાઇબર ફ્રોડ થયા બાબતે જાણ કરેલ હોવાનું જણાય છે. ત્યારબાદ અરજદારને તા.૧૦.૦૪.૨૦૨૬ નાં રોજ પોલીસને લેખિત ફરિયાદ આપેલ, જે નિ.૩/૭ થી રજુ છે. તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અરજદારે સ્પે.ક્રિ.એ.નં.૭૪૭૧/૨૦૨૬ થી અરજી દાખલ કરેલ, જેની નકલ નિ.૩/૮ થી રજુ છે. સદર અરજીનાં કેસ સ્ટેટસની નકલ મુજબ સદર કેસની મુદ્ધત તા.૧૬.૦૭.૨૦૨૬ હોવાનું જણાય છે. તેમજ અરજદાર તરફે નિ.૩/૯ થી રજુ કરેલ પી.આઇ., સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશન, મહીસગાર લુણાવાડાનો પત્ર જોતાં, અરજદારનો જવાબ સામેલ રાખી અરજી ફાઇલે કર્યાની જાણ કરેલ છે. અરજદારની દલીલનાં સંદર્ભે પોલીસ તપાસનાં કાગળો ધ્યાને લેવામાં આવે તો, શ્રી મહાલક્ષ્મી એન્ટરપ્રાઇઝનાં એક્સીસ બેંકનાં ખાતા નં.૯૨૩૦૨૦૦૦૨૩૩૩૨૫૬ વાળા ખાતાનું અરજી ફોર્મ જોતાં, સદર ખાતુ તા.૧૯.૦૯.૨૦૨૫ નાં રોજ ખોલાવવા માટે અરજી આપેલ. શ્રી મહાલક્ષ્મી એન્ટરપ્રાઇઝનાં પ્રોપ્રાઇટર/ઓથોરાઇઝડ સિગ્નેટરી તરીકે અરજી આપેલ. સદર ખાતામાં વાર્ષિક ટર્નઓવર રૂપિયા સાંઠ કરોડ દર્શાવેલ છે તથા ધંધાનાં પ્રકારમાં ટ્રેડીંગ(રીટેઇલ/વ્હોલસેલ) દર્શાવેલ છે. ત્યારબાદ તા.૨૦.૧૦.૨૦૨૫ થી તા.૧૩.૧૨.૨૦૨૫ નાં સમયગાળા દરમિયાન કુલ રૂા.૧,૩૬,૨૬,૧૯૬/- નાં ટ્રાન્જેક્શન અરજદારનાં આ

ખાતામાં થયેલ છે. તે અગાઉ શ્રી મહાલક્ષ્મી એન્ટરપ્રાઇઝનાં બેંક ખાતા ખોલાવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી. ઉપરાંત ત.ક.અમલદારનું સોગંદનામુ જોતાં, અરજદારે અન્ય સહઆરોપી રાજેશ સોની સાથે તા.૦૭.૧૧.૨૦૨૫ થી તા.૨૯.૦૩.૨૦૨૬ સુધીમાં કુલ–૩૦૧ વખત વાતચીત કરેલ હોવાનું જણાય છે.

આ કામનાં અરજદાર પોતે આચાર્ય છે, તેમણે શ્રી મહાલક્ષ્મી એન્ટપ્રાઇઝનાં ખાતામાં ફ્રોડ થયા બાબતની સરકારને તથા સંબંધિત પોલીસ અધિકારી વિગેરેને પત્ર લખી જાણ કરેલ હોવાનું જણાય છે. પરંતુ અરજદારે શાળાનાં ફંડ માટે શ્રી મહાલક્ષ્મી એન્ટપ્રાઇઝનું ખાતુ ખોલાવી અને આપેલ હોવાની હકીકત તપાસનો વિષય છે. હાલનાં તબક્કે જોવામાં આવે તો, સદર સાઇબર ફ્રોડ અંગેના ગુનાઓ દિન–પ્રતિદિન બનવા પામતા હોય છે. તેમજ જામીન અરજીનાં તબક્કે પુરાવાઓની ઉંડાણમાં કે ગુણદોષ પર ચર્ચા કરવાની હોતી નથી, પરંતુ પોલીસ તપાસનાં કાગળો જોતાં, અરજદાર દ્વારા શ્રી મહાલક્ષ્મી એન્ટપ્રાઇઝનું ખાતુ તા.૧૯.૦૯.૨૦૨૫ નાં રોજ ખોલાવેલ અને તેમાં આટલી મોટી રકમ જમા કરાવેલ છે, જે તપાસનો વિષય છે. હાલ તપાસ પૂર્ણ થયેલ નથી, સદર કેસમાં સઘન તપાસ થવી જરૂરી છે. જેથી અરજદારને જામીન ઉપર મુક્ત કરવા વિવેકબુદ્ધિની સત્તા વાપરવી યોગ્ય અને ન્યાયી જણાતુ ન હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – : : હુકમ : : –

(૧) અરજદાર/આરોપી **વિક્રમસિંહ ભવાનસિંહ પરમાર,** ઉ.વ.આ.૫૪, ધર્મે : નોકરી, રહે. જેસોલા તલાટી ફળીયુ, તા.કોઠંબા, (જી.મહીસાગર), હાલ રહે. : ૦૬, ભાગ્યલક્ષ્મી સોસાયટી, નાલંદા સ્કૂલ પાસે, મુ.તા.ગોધરા, (જી.પંચમહાલ), હાલ : સબ જેલ, સંતરામપુર નાઓની હાલની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩

અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૬ ઠ્ઠી, માહે–જૂલાઇ, સને–૨૦૨૬ નાં રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬.૦૭.૨૦૨૬
લુણાવાડા.

( **એમ. એન. ગડકરી** )
સેશન્સ જજ, લુણાવાડા, જી.મહીસાગર
કોડ નં. જીજે.૦૦૪૨૫

NDK